# ઉના પ્રકરણમાં બેદરકાર પી.આઈ. સહિત ચાર પોલીસ સસ્પેન્ડ

## દોષીતો સામે મારી નાંખવાની કોશીષ : ધાડ, અપહરણ અને એટ્રોસીટી એક્ટ હેઠળ ગુના દાખલ : ૧૬ની ધરપકડ : ૩૦ દિવસમાં તપાસ પુર્ણ કરી ચાર્જશીટ કરવા સુચના

ગાંધીનગર, તા. ૨૦

ઉનામાં દલીત યુવાનો પર થયેલા અત્યાચારની ઘટનાએ રાજયભરમાં અશાંતી ઉભી કરી દીધી છે. ત્યારે રાજ્ય પોલીસ વડા કચેરી ખાતેથી આ ઘટનામાં ગુનેગારો સામે લેવાયેલા પગલા તથા ઘટનામાં બેદરકાર રહેલા પોલીસ અધિકારી કર્મચારીઓ સામે લીધેલા પગલાની બ્રીફીંગ આપવા પત્રકાર પરીષદ યોજવામાં આવી હતી. આ ઘટનામાં દોશીત ૧૬ શખ્સો સામે કડક કલમો હેઠળ ગુના નોંધી કાર્યવાહી શરૂ કરી છે. અને બેદરકાર પી.આઈ. તથા અન્ય ત્રણ કર્મચારી મળીને ચારને સસ્પેન્ડ કર્યા છે.

ઈન્ચાર્જ અધિક પોલીસ મહાનિર્દેશક વી.એમ. પારગીના જણાવ્યા મુજબ દલીત યુવાનો પર થયેલા અત્યાચારના ફોટોગ્રાફ અને વીડીયો ફુટેજ પણ તપાસ અર્થે લેવાયા છે. અત્યાર સુધીમાં ૧૬ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે અને તેમની સામે મારી નાંખવાની કોશીષ, ધાડ, અપહરણ તથા એટ્રોસીટી એક્ટ જેવી ગંભીર કલમો લગાવીને ગુનો નોંધવામાં આવ્યો છે. પકડાયેલા ૧૬ પૈકી ૭ આરોપી હજુ પોલીસ રીમાન્ડમાં છે અને અન્ય જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. આ ગુનો બનતો રોકવામાં લાપરવાહી બદલ એક પી.આઈ. સહિત ચાર પોલીસ અધિકારી કર્મચારીઓને ફરજ મોકુફ કરવામાં આવ્યા છે. ગુનાની તટસ્થ તપાસ થાય તે માટે સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપાઈ છે. આઈ.જી.પી. એસ.એસ. ત્રીવેદી અને એસ.પી. સુજાતા મજમુદારના સુપરવિઝન હેઠળ ડીવાયએસપી કે.જી. સરડવા સમગ્ર ઘટનાની ઊંડી તપાસ કરશે. સરકારના આદેશ મુજબ આ તપાસ 30 દિવસમાં પુર્ણ કરી ચાર્જશીટ કરવામાં આવશે. રાજ્ય પોલીસ વડા તેમજ પોલીસ વિભાગ તરફથી જનતાને શાંતી જાળવવા અપીલ કરવામાં આવી છે.

## ગાંધીનગરમાં બંધને મોળો પ્રતિસાદ

### કલોલમાં ચક્કાજામ કરાવ્યુ : સે. ૨૧ માર્કેટ આસપાસ બંધ કરાવવા ટોળુ નીકળ્યુ પરંતુ પોલીસ આવી તો ટોળુ ગાયબ થઈ ગયુ

ઉનાની ઘટનાને પગલે દલીત સમાજ દ્વારા ગુજરાત રાજ્યમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. અમદાવાદમાં બંધને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો પરંતુ ગાંધીનગરમાં મોળો પ્રતિસાદ મળ્યો હતો. જો કે ટોળા દ્વારા કલોલ સિંદબાદ હોટલ સામે રસ્તા રોકીને ચક્કાજામ કરાવ્યું હતું તે ઉપરાંત સે. ૨૧ માર્કેટમાં પણ બંધ કરાવવા દલીત સમાજના યુવા આગેવાનોનું ટોળુ ફર્યુ હતુ. જો કે પોલીસ સ્થળ પર પહોંચી ત્યારે ટોળુ ગાયબ થઈ ગયુ હતુ. સે. ૨ ઉની કોમર્સ કોલેજ બંધ કરાવવા ટોળુ ગયુ પરંતુ કોલેજ બંધ થવાનો સમય થઈ ગયો હતો. આમ વેપાર-ધંધા દિવસભર ચાલુ રહેતા બંધને મોળો પ્રતિસાદ ગાંધીનગરમાં મળ્યો હતો.

## કોંગ્રેસ દ્વારા સત્યાગ્રહ છાવણીથી રેલી નીકાળીને વિરોધ પ્રદર્શન કરાયો

ઉનામાં દલીત યુવાનોને જાહેરમાં બાંધીને ઢોર માર મારી આચરવામાં આવેલા અત્યાચારના વિરોધમાં ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ગાંધીનગર કોંગ્રેસ દ્વારા રેલી નીકાળવામાં આવી હતી. કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખ ડૉ. કૌશીક શાહ, કાઉન્સીલર ચિમન વિંઝુડા, શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ કાઉન્સીલર અશોક શ્રીમાળી, મહામંત્રી રાકેશ જાની, મિતુલ જોષી, જગદીશ પરમાર તેમજ અન્ય આગેવાનો-કાર્યકરો તથા મહિલા કાર્યકરો આ રેલીમાં જોડાયા હતા. સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરી દલીતોને ન્યાય અપાય અને દોષીઓ સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ કરવામાં આવી હતી.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



જન્માક્ષર બરાબર જુઓ... વિધી કે હવન જે કરવા જેવું લાગે તે કરો...!! બેબીને એફબી પર દોઢસો લાઈક મળતા હતા એ આ પુનમથી ઘટીને ત્રીસ જ થઈ ગયા છે...!!



શાક માર્કેટમાં દબાણ યથાવત : સેક્ટર-૨૧ના શાકમાર્કેટમાં ફાળવેલ જગ્યા કરતા પણ લાબો પહોળો પથારો પાથરીને શાક વેચનાર વેપારીઓ સામે તંત્રએ થોડા સમય અગાઉ લાલ આંખ કરી હતી. ગ્રાહકો માટે ચાલવાના રસ્તા પર દબાણ કરનારા શાકભાજીના વેપારીઓએ પુનઃ દબાણ યથાવત કરતા ગ્રાહકોને હાલાકી પડી રહી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતની વેબસાઈટના અપડેટેશનને લઈ આજે શાખાધિકારીઓની બેઠક મળી હતી.

● દહેગામ તાલુકાના કંથારપુરના સરપંચને દબાણો દૂર નહિ કરવા બદલ નોટીસ ફટકારવામાં આવી છે.

● આજે વિકાસ કમિશનરે વિકાસના કામોની સમીક્ષા વિડીયો કોન્ફરન્સ યોજી કરી હતી.

● જિલ્લા પંચાયતમાં એ.સી. મશીનો માટે વધુ પાવર સપ્લાયની માંગ કરાતાં હવે તેના માટે અલાયદો રૂમ બનાવવામાં આવશે. જેમાં વોલ્ટેજ કન્ઝમશન યુનિટ નાંકવામાં આવશે.

● સચિવાલયના અને બિનસચિવાલય કર્મચારી સંગઠ્ઠનોની આજે સાપ્તાહિકી બેઠકો યોજાઈ હતી.

● મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય અશોક પટેલના વિસ્તારમાં રૂ. ૧૫ કરોડના માર્ગના કામો મંજૂર થતાં તેમણે મંત્રી નીતિન પટેલ અને મુખ્યમંત્રીનો આભાર માનતો પત્ર લખ્યો છે.

● ગૌરીવ્રતના જાગરણને લઈ જિલ્લા કલેક્ટરે દરેક થિયેટરોને એકસ્ટ્રા શૉ ની મંજૂરી પોલીસના અભિપ્રાય પછી આપી છે.

## આસામ શિક્ષણ વિભાગનુ ડેલીગેશન પ્રવેશોત્સવ અને ગુણોત્સવની યોજનાથી પ્રભાવિત

### જિલ્લાની વિવિધ શાળાઓની મુલાકાત લીધી : શિક્ષણની ગુણવત્તા તેમજ પધ્ધતિ અંગે પણ અભ્યાસ કર્યો

ગાંધીનગર તા ૨૦

આસામ શિક્ષણ વિભાગના એક ડેલીગેશને આજે ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓની મુલાકાત લીધી હતી. રાજયમાં શિક્ષણ ક્ષેત્રે હાથ ધરાયેલી ગુણોત્સવ અને પ્રવેશોત્સની યોજનાથી આ ડેલીગેશનના સભ્યો પ્રભાવિત થયા હતા. આસામમાં પૃચ્છા કરી હતી. આસામના ડેલીગેશનના સભ્યો રાજય સરકારની શાળા પ્રવેશોત્સવ તેમજ ગુણોત્સવી યોજનાથી પ્રભાવિત થયા હતા. પ્રાથમિક શાળામાં ધો-૧ માં પગથિયુ ચઢતા ભુલકાઓની સાથે ધોરણ ૮ બાદ ધોરણ ૯ માં પણ વિદ્યાર્થીઓ શાળા ન છોડે તે માટે શિક્ષણ વિભાગની આ યોજનાની કામગીરીથી



પણ આ યોજનાનો અમલ કરવાના ઈરાદે ગાંધીનગરની શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા તેમજ પધ્ધતિનુ નિરિક્ષણ કર્યુ હતુ.

આસામના શિક્ષણ વિભાગનુ એક ડેલીગેશન આજે ગાંધીનગર જિલ્લાની મુલાકાતે આવ્યુ હતુ. ૬ સભ્યોના આ ડેલીગેશને જિલ્લાની મોટેરા સ્વસ્તિક સેકન્ડરી સ્કુલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડની હાજરીમાં ડેલીગેશનના સભ્યોએ રાજયમાં શાળા પ્રવેશોત્સવ તેમજ ગુણોત્સવની કામગીરી અંગે જાણકારી મેળવી હતી. જેમાં જનભાગીદારીના પરિબળો મામલે પણ પ્રભાવિત થયા હતા.

ધો-૯ માં આવતા વિદ્યાર્થીઓની ઉત્તરવહીની ચકાસણીની પધ્ધતિ અંગે પણ તેમણે જાણકારી મેળવી હતી. આસામની આ ટીમમાં શિક્ષણ વિભાગના સેક્રેટરી,સર્વ શિક્ષા અભિયાનના ડાયરેકટર સહીત ૬ સભ્યોએ શાળાના વર્ગખંડોની મુલાકાત લીધી હતી. શાળાની શિક્ષણ પધ્ધતિ તેમજ સોલાર પેનલ સિસ્ટમથી કાર્યરત લેબથી પણ આસામનુ ડેલીગેશન પ્રભાવિત થયુ હતુ. ડેલીગેશને પ્રવેશોત્સવ તેમજ ગુણોત્સવની આ યોજનાનો આસામમાં પણ અમલ કરવાની તૈયારી દર્શાવી હતી.

## નાના-ચિલોડાની એક ખાનગી શાળામાં અસહ્ય ફી ને લઈ બાળ અધિકાર સંરક્ષણ આયોગ મેદાનમાં

### તંત્રને તપાસના આદેશો કરતાં હરકતમાં આવેલા તંત્રએ શાળા સંચાલકોને નોટીસ પાઠવી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના નાના ચિલોડા ગામ નજીક આવેલ એક ખાનગી શાળા સંચાલક દ્વારા એક સાથે વાર્ષિક ફી નહિ ભરવાના કારણોસર બાળકોને શાળાના ક્લાસરૂમમાં પ્રવેશતા અટકાવવા ઉપરાંત લાયબ્રેરીમાં છ કલાક બેસાડી રખાયા તેમજ જાહેરમાં અપમાનિત કરાતા હોય તે રીતે ઉભા કરી અને સજા કરવામાં આવતી હોય તેવુ વલણ દાખવવાનો કિસ્સો બહાર આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ બાબતે અમદાવાદ છારાનગરના એક રહેવાસીએ રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને આર.ટી.આઈ. એક્ટનો ભંગ થતો હોવાની તેમજ બાળકના અધિકારોનું રક્ષણ કરવા કરેલી ફરિયાદને લઈ બાળ અધિકાર સંરક્ષણ આયોગે જિલ્લા કલેક્ટરનો ખુલાસો માંગી તપાસ સાથેનો અહેવાલ આપવા જણાવતાં સમગ્ર મામલો બહાર આવ્યો છે.

બાળ અધિકાર સંરક્ષણ આયોગે તેની સેકશન ૧૩(૧)(આઈ) મુજબ આ ફરિયાદ દાખલ કરી છે અને તપાસના આદેશો જારી કર્યા છે. આયોગે તંત્ર પાસેથી એક્શન ટેઈકન રિપોર્ટની પણ માંગણી કરી ૧૮-૭-૨૦૧૬ સુધીમાં જવાબ રજુ કરવા જણાવ્યું છે.

જિલ્લા તંત્રએ આ મુદે શાળા સંચાલકોને નોટીસ પાઠવી અને તપાસનો ધમધમાટ શરૂ પણ કરી દીધો છે.

ખાનગી શાળાઓ દ્વારા બાળકો પાસેથી અસહ્ય ફી વસુલવામાં આવતી હોવાને કારણે વાલીઓની મુંઝવણ વધી જવા પામી છે. મળતી વિગતો પ્રમાણે આ શાળાના ૧૫ બાળકો સાથે આવો વ્યવહાર થતાં શિક્ષણપ્રેમીઓ ચોંકી ઉઠ્યા છે.

જિલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા વસુલવામાં આવતી અસહ્ય ફીનો મુદ્દો થોડા દિવસો પૂર્વે અખબારોમાં ચમક્યો હતો. આ પછી આ મામલો ગત સપ્તાહે મળેલી જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ રજુ કર્યો હતો. તેમણે કલોલની એક ખાનગી શાળા દ્વારા અસહ્ય ફી વસુલવામાં આવતી હોવાની ઉગ્ર રજુઆત કરી આ મામલે તપાસ કરવા માંગ કરી હતી જે ઉલ્લેખનીય છે. જિલ્લાતંત્ર દ્વારા નાના ચિલોડાની આ ખાનગી શાળામાં તપાસનો ધમધમાટ હાલ ચાલી રહ્યો છે.

## કોર્ટમાં ઝેર પીને આત્મ વિલોપન કરવાની ચિમકી

### પત્નિએ કરેલી શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદમાં તટસ્થ તપાસ કરવા પિડીત વકીલની માંગ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર કોર્ટમાં ફરજ બજાવતા વકીલ સુરેશ શુકલ સામે શારીરિક માનસીક ત્રાસની ફરીયાદ તેમની પત્નિ દ્વારા સેક્ટર-૭ પોલીસમથકમાં કરવામાં આવી છે. આ પ્રકરણમાં ગુનો દાખલ કરાવવા પાછળ અન્ય કેટલાક તત્વોનો હાથ હોવાનું માનીને વકીલે આ ગુનાની તટસ્થ તપાસ થાય તે માટે અનેક રજુઆતો કરી છે. જો કે એકેય રજુઆત સાંભળવામાં આવતી ન હોવાથી તથા બે સંતાનોની જીંદગીનો પ્રશ્ન હોવાથી વકીલે ગૃહમંત્રીને અરજી કરી છે. વકીલે અરજીમાં તટસ્થ તપાસ નહિ થાય તો ૨૧ જુલાઈ ૨૦૧૬, ગુરૂવારે બપોરે ૧૨ વાગ્યે ચાલુ કોર્ટમાં જાહેરમાં ઝેર પીને આત્મવિલોપન કરી લેવાની ચિમકી અરજીમાં આપી છે.



વારંવાર રીપેરીંગ : ઘ-૩ સર્કલ પાસે ઉભા કરાયેલ એલ.ઈ.ડી. માટેના ટાવર પર વારંવાર રીપેરીંગ ચાલે છે. કોણ જાણે કેમ કોઈને કોઈ ટેકનીકલ ખામીને કારણે દર ત્રીજે દિવસે રીપેરીંગ કરવા માટે ટેકનીશિયનો પહોંચે છે. અન્ય સ્થાનો પર પણ એલ.ઈ.ડી. ટાવરો લગભગ ગોઠવાઈ રહ્યા છે.

# શહેરમાં સેક્ટરોના બગીચાની લાઈટો ડુલ

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં વ્રતની સિઝનમાં જ સેક્ટરોમાં આવેલા સરકારી બગીચામાં રહેલી લાઈટો બંધ હાલતમાં જોવા મળી રહી છે. લાઈટો બંધ હોવાને કારણે સમગ્ર બગીચા વિસ્તારમાં અંધકાર છવાઈ જવા પામે છે. અંધારાને કારણે લુખ્ખા તત્વો અડીંગો જમાવીને બેસે છે. અસામાજીક પ્રવૃતિઓ બગીચામાં રાત્રીના અંધકારમાં ધમધમી રહી હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ત્યારે શહેરી વિસ્તારમાં આવેલા બગીચામાં વ્રતની સિઝનમાં જ લાઈટો બંધ રહેતા નાગરીકોમાં રોષ જોવા મળ્યો છે. તો બીજી તરફ તંત્ર દ્વારા બગીચાની લાઈટો જાગરણ આવતા હોવાથી ત્વરીત શરુ થાય તેવી પણ લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરના બગીચા જાળવણીના અભાવે ભેંકાર સમા લાગી રહ્યા છે. એક સમયે જયાં બાળકોના કલરવ થી સેકટરનું વાતાવરણ ગુંજી ઉઠતું હતું તે બગીચાઓમાં લાઈટોના અભાવે ઉજ્જળ બની ગયા છે. સરકારી બગીચામાં લાઈટો શરુ હોવાથી મોડીરાત સુધી બાળકો રમતા નજરે પડતા હતા. પરંતુ લાઈટના અભાવે બાળકોની મસ્તી શાંત થઈ જવા પામી છે. શહેરના બગીચામાં લાઈટો બંધ રહેતા અસામાજીક પ્રવૃતિઓ પણ ધમધમી રહી છે. લુખ્ખા તત્વોએ અડીંગો જમાવી બેસતા નાગરીકો પણ હેરાન પરેશાન થઈ ગયા છે.

સેકટરના બગીચામાં રાત્રીના સમયે પોલીસ તંત્ર દ્વારા પેટ્રોલીંગની જરુરીયાત ઉભી થવા પામી છે. શહેરમાં ખાસ કરીને વ્રતની સિઝનમાં જ દિકરીઓ સાથે પરિવારના સભ્યો બગીચામાં વ્રતની ઉજવણી કરતા હોય છે. તેવા સમયે જ લાઈટો બંધ રહેતા નાગરીકો હેરાન થઈ ગયા છે. તહેવારોના ટાણે લાઈટો રિપેર કરવામાં આવે તો નાગરીકો માટે ફળદાયી નીવડે. તંત્ર દ્વારા ત્વરીત નિર્ણય લઈને લાઈટો ઝડપી શરુ થાય તે દિશામાં કામગીરી થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે. શહેરના સેકટર-૨૮ તેમજ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન રોશનીથી ઝગમગી ઉઠતા હોવાથી શહેરીજનોની પહેલી પસંદગી બની ગયા છે. ત્યારે જાગરણના સમયે ગાર્ડનનો માહોલ મેળા જેવો જામશે.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ સંગઠનની બેઠક મૌકુફ

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામ સાથે તા. ૨૩-૨૪ જુલાઈ-૨૦૧૬ના રોજ નવસર્જન ગુજરાત લક્ષ્ય-૨૦૧૭ના ભાગરૂપે રાજ્યના આઠ મહાનગરપાલિકા વિસ્તારના કોંગ્રેસ પક્ષના સંગઠનના પદાધિકારીઓની બેઠક યોજવામાં આવી હતી. તે ગુજરાતની હાલની નાજુક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સંગઠનની બેઠક મૌકુફ રાખવામાં આવી છે. આઠ મહાનગરના કોંગ્રેસ પક્ષના પદાધિકારીઓ સાથે બેઠકનો કાર્યક્રમ નક્કી કરી જાણ કરવામાં આવશે.

ખારેક

ખેડૂતો દ્વારા કચ્છની દેશી અને બારાહી ઈઝરાયેલી પ્રખ્યાત ખારેકનું વેચાણ ચાલુ છે.

કૃષિભવનની અંદર

મો. ૯૫૧૦૧૧૭૫૮૫

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

કામધેનુ યુનિવર્સિટી

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. (૦૭૯) ૬૫૭૨૬૬૬૮

જાહેરાત

કામધેનુ યુનિવર્સિટીના શૈક્ષણિક તથા જોડાણ (એફીલીયેશન) અંગેના ધારાધોરણોનું અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનું થાય છે જે અંગેની વિગત નીચે દર્શાવેલ છે. આથી અનુવાદકો પાસેથી આ કામગીરી માટે લઘુતમ ભાવો મંગાવવામાં આવે છે. જે તા. ૫/૮/૨૦૧૬ સુધીમાં અત્રે કચેરી ખાતે કચેરી સમય પહેલા રૂબરૂ / ટપાલથી સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

| ક્રમ | વિગત | પંજની સંખ્યા |
| --- | --- | --- |
| ૧ | શૈક્ષણિક તતા જોડાણ (એફીલીયેશન) અંગેના ધારાધોરણોનું અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ તથા શ્રૃતિ ફોન્ટમાં કી ઈન તથા બે વખત પ્રુફ રીડીંગ બાદ સુચવેલ સુધારાઓ કરવાની કામગીરી | ૫૫૦ પેજ અંદાજીત |

આ અંગેની વધુ વિગત www.ku-guj.org પર ઉપલબ્ધ છે.

તા. ૨૧/૭/૨૦૧૬ કુલ સચિવ

માહિતી/૧૦૧૮/૨૦૧૬-૧૭